# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-01-2025** **EVENING : 7.50 to 8.00**

**Day : Friday** **National News**

આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

**************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં 4500 કરોડ રૂપિયાનાં વિવિધ વિકાસ પ્રોજેક્ટનું ઉદઘાટન અને શિલારોપણ કર્યું
2. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેન્ટલ હેલ્થ એન્ડ ન્યૂરો-સાયન્સિસ- NIMHANSની કામગીરીની પ્રશંસા કરી
3. કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન EPFOની કેન્દ્રીયકૃત પેન્શન ચૂકવણી વ્યવસ્થા દેશભરમાં સંપૂર્ણપણે કાર્યાન્વિત
4. વંદે ભારત સ્લિપર ટ્રેન દ્વારા ઝડપથી લાંબા અંતરની મુસાફરી કરી શકાશેઃ પ્રતિ કલાક મહત્તમ 180 કિલોમીટરની ઝડપ હાંસલ કરી
5. કાશ્મીરમાં આગામી ત્રણ દિવસ સુધી હિમસ્ખલન અને ભુસ્ખલનની હવામાન વિભાગની ચેતવણી
6. પાંચમી અને અંતિમ ટેસ્ટમાં પ્રથમ ઇનિંગમાં ભારત ૧૮૫ રનમાં ઓલ આઉટ - ઓસ્ટ્રેલિયાના ૧ વિકેટે ૯ રન

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM- DELHI PROJECTS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાજધાની દિલ્હીમાં 4500 કરોડ રૂપિયાનાં વિવિધ વિકાસ પ્રોજેક્ટનું ઉદઘાટન અને શિલારોપણ કર્યું હતું.

શ્રી મોદીએ અશોક વિહારમાં જેજે ક્લસ્ટરના રહેવાસીઓ માટે લગભગ 1700 નવા બાંધવામાં આવેલા ફ્લેટનું ઉદ્ઘાટન કર્યું અને પાત્ર લાભાર્થીઓને ચાવીઓ સોંપી. તેમણે બે શહેરી પુનઃવિકાસ પ્રોજેક્ટ્સ- નવરોજી નગર ખાતે વર્લ્ડ ટ્રેડ સેન્ટર અને સરોજિની નગર ખાતે જનરલ પૂલ રેસિડેન્શિયલ એકોમોડેશન (GPRA) ટાઇપ-II ક્વાર્ટરનું પણ ઉદ્ઘાટન કર્યું.

નવા વર્ષની શુભકામના પાઠવતા શ્રી મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે 2025નું વર્ષ ભારતનાં વિકાસ માટે ભરપૂર તકો લાવનારું વર્ષ છે.

# (PM MODI BYTE)

આ ઉપરાંત, પ્રધાનમંત્રીએ દ્વારકા ખાતે સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશનના સંકલિત કાર્યાલય સંકુલનું પણ ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે દિલ્હી યુનિવર્સિટીમાં 600 કરોડ રૂપિયાથી વધુના ત્રણ નવા પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો. તેમણે પૂર્વ દિલ્હીના સૂરજમલ વિહાર ખાતે પૂર્વીય કેમ્પસમાં એક શૈક્ષણિક બ્લોક અને દ્વારકામાં પશ્ચિમી કેમ્પસમાં એક શૈક્ષણિક બ્લોકનું શિલારોપણ કર્યું હતું. શ્રી મોદીએ નઝફગઢના રોશનપુરા ખાતે વીર સાવરકર કોલેજનો શિલાન્યાસ પણ કર્યો હતો.

# RAILWAY JAMMU DIVISON

રેલવે મંત્રાલય ઉત્તર રેલવે ઝોન હેઠળ જમ્મુમાં વડુંમથક ધરાવતું નવું રેલવે ડિવિઝન શરૂ કરશે.આકાશવાણીના પ્રતિનિધિ જણાવે છેકે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 6ઠ્ઠી જાન્યુઆરીએ વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા જમ્મુ રેલવે ડિવિઝનની રચનાની જાહેરાત કરશે. આ અગાઉ, પાંચ જાન્યુઆરીએ શ્રીનગરથી જમ્મુ વચ્ચે સ્પેશ્યલ ઇનસ્પેક્શન ટ્રેન ચલાવવામાં આવશે.. પ્રદેશનાં રેલવે વિકાસમાં આ ઐતિહાસિક સીમાચિહ્ન સાબિત થશે.

જમ્મુ ડિવિઝનમાં પાંચ સેક્શન હશે, જેમાં જમ્મુ-ઉધમપુર, શ્રીનગર-બારામુલ્લા, ભોગપુર સિરવાલ-પઠાણકોટ, બટાલા-પઠાણકોટ અને પઠાણકોટ-જોગિન્દર નગરનો સમાવેશ થાય છે.

આ સેક્શનની કુલ લંબાઈ 742 કિલોમીટર હશે. જમ્મુ ખાતે આધુનિક કચેરી ધરાવતું વિભાગીય વડું મથક સ્થાપવામાં આવેશે.

હાલ દેશમાં 17 રેલવે ઝોન હેઠળ 68 રેલ ડિવિઝન છે અને જમ્મુ 69મું ડિવિઝન બનશે.

# AMIT SHAH-IDA MEETING

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આંદામાન નિકોબાર અને લક્ષદ્વિપમાં સોલર પેનલ અને વિન્ડમિલ દ્વારા 100 ટકા પુનઃપ્રાપ્ય ઉર્જાનાં ઉત્પાદન પર ભાર મૂક્યો છે. નવી દિલ્હીમાં આઇલેન્ડ ડેવલપમેન્ટ એજન્સીની સાતમી બેઠકનું અધ્યક્ષપદ સંભાળતા શ્રી શાહે આ ટાપુઓમાં હાલમાં ચાલી રહેલી વિકાસ પહેલોની પ્રગતિની સમીક્ષા કરી હતી.

શ્રી શાહે પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલયને આ બંને ટાપુઓમાં તમામ ઘરોમાં સોલર પેનલ સ્થાપીને પીએમ સૂર્ય ઘર યોજનાનો અમલ કરવા નિર્દેશ આપ્યો હતો. તેમણે બંને ટાપુ જૂથોમાં માળખાકીય યોજનાઓ પ્રત્યે સર્વગ્રાહી અભિગમ અપનાવવાની જરૂર પર ભાર મૂક્યો હતો.

# BENGALURU-PRESIDENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેન્ટલ હેલ્થ એન્ડ ન્યૂરો-સાયન્સિસ- NIMHANSની માનસિક આરોગ્ય અને ન્યૂરો સાયન્સ ક્ષેત્રમાં પ્રશંસનીય કાર્ય કરવા બદલ પ્રશંસા કરી છે.

આજે બેંગલુરુમાં NIMHANSના સુવર્ણ જયંતિ સમારોહ પ્રસંગે સુશ્રી મુર્મૂએ જણાવ્યું કે, આજે NIMHANS માનસિક આરોગ્ય અને ન્યૂરો સાયન્સિસમાં વિશ્વભરમાં અવિવાદિત અગ્રણી સંસ્થા છે.

તેમણે જણાવ્યું કે, માનસિક સંભાળ ક્ષેત્રમાં સામાજિક બદનામીનાં પડકારો છે, પણ નિમ્હાસ જેવી સંસ્થાએ માનસિક બિમારી ધરાવતા દર્દીઓને ગુણવત્તાસભર સંભાળની તક પૂરી પાડી છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે પી નડ્ડાએ સ્ટ્રોકની સારવાર, આત્મહત્યા નિવારણમાં નિમ્હાસે કરેલી પ્રગતિની પ્રશંસા કરી હતી.

કર્ણાટકના મુખ્યમંત્રી સિધ્ધારામૈયાએ માનસિક આરોગ્ય સંભાળને સામાન્ય પ્રજા સુધી લઈ જવા નિમ્હાન્સ સાથે રાજ્યનાં આરોગ્ય વિભાગનાં જોડાણની માહિતી આપી હતી.

# PRAVASI BHARATIYA SAMMAN AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીના અંતિમ દિવસે 27 વ્યક્તિઓને પ્રવાસી ભારતીય સન્માન પુરસ્કાર-PBSA એનાયત કરશે. પ્રવાસી ભારતીય દિવસ સંમેલનની 18મી આવૃત્તિ ઓડિશાનાં ભુવનેશ્વરમાં 8થી 10 જાન્યુઆરી દરમિયાન યોજાશે.

વિદેશમાં વસતા ભારતીયોને અપાતો આ સર્વોચ્ચ પુરસ્કાર બિન-નિવાસી ભારતીયો, ભારતીય મૂળની વ્યક્તિઓ અથવા તો તેમનાં દ્વારા ચલાવવામાં આવતી સંસ્થા કે સંગઠનને ભારત અને વિદેશમાં હાંસલ કરેલી અભૂતપુર્વ સિદ્ધિઓ માટે એનાયત કરવામાં આવે છે.

# EPFO – PENSION

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન EPFOની કેન્દ્રીયકૃત પેન્શન ચૂકવણી વ્યવસ્થા હવે દેશભરમાં સંપૂર્ણપણે કાર્યાન્વિત થઈ ગઈ છે. ડિસેમ્બર મહિનામાં દેશની તમામ 122 પેન્શન ચૂકવણી પ્રાદેશિક કચેરીઓમાં નોંધાયેલા 68 લાખથી વધુ પેન્શનધારકોને એક હજાર 570 કરોડ રૂપિયાથી વધુનાં પેન્શનની ચૂકવણી કરવામાં આવી હતી.

શ્રમ અને રોજગાર મંત્રી ડોક્ટર મનસુખ માંડવિયાએ જણાવ્યું કે, આ આધુનિક પ્રણાલિ એ સુનિશ્ચિત કરશે કે પેન્શનધારકો દેશનાં કોઈ પણ સ્થળે, કોઇ પણ બેન્કમાંથી પોતાનું પેન્શન ઉપાડી શકશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

# VANDE BHARAT – SLEEPER

વંદે ભારત સ્લિપર ટ્રેન દ્વારા ટૂંક સમયમાં લાંબા અંતરનાં રેલ પ્રવાસમાં વિશ્વકક્ષાનો અનુભવ મળશે. છેલ્લાં ત્રણ દિવસથી હાથ ધરવામાં આવી રહેલા પરીક્ષણોમાં વંદે ભારત સ્લિપર ટ્રેને પ્રતિ કલાક મહત્તમ 180 કિલોમીટરની ઝડપ હાંસલ કરી છે.

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કોટા ડિવિઝનમાં  આ ટ્રેનના સફળ પરિક્ષણનો વિડિયો રજૂ કર્યો છે. આ મહિનાના અંત સુધી પરિક્ષણ ચાલુ રહેશે. વંદે ભારત સ્લિપર ટ્રેન સ્વયંસંચાલિત દરવાજા, અત્યંત આરામદાયક સીટ અને વિમાન જેવી ડિઝાઇન જેવી સુવિધાઓ ધરાવે છે.

હાલમાં દેશભરમાં 136 વંદે ભારત ટ્રેન ચલાવવામાં આવી રહી છે

# AIR AND RAIL TRAFFIC

દિલ્હીમાં આજે ગાઢ ધુમ્મસ અને ઓછી દ્રશ્યતાને કારણે વિમાન અને રેલવ્યવહાર ખોરવાઇ ગયો હતો. ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાન મથકે ઓછી દ્રશ્યતાને કારણે આશરે 50 ફ્લાઇટ રદ થઈ હતી. દિલ્હીથી આવતી જતી અનેક ટ્રેનોની અવરજવર પર પણ અસર પડી છે.

# J&K-WEATHER

કાશ્મીર ખીણ અને તેની આસપાસનાં વિસ્તારોમાં અતિશય શીતલહેર પ્રવર્તી રહી છે. કેટલાંક વિસ્તારોમાં લઘુતમ તાપમાન શૂન્યથી નીચે જતું રહ્યું હતું.

દક્ષિણ કાશ્મીરમાં સૌથી ઓછું માઇનસ 8.5 ડિગ્રી તાપમાન શોપિયાં જિલ્લામાં નોંધાયું હતું. શ્રીનગર શહેરમાં માઇનસ 2.2 ડિગ્રી તાપમાન સાથે ધુમ્મસભર્યું વાતાવરણ છે. જો કે જમ્મુમાં 7.3 અને કટરામાં 11 ડિગ્રી સેલ્સિયલ તાપમાન હતું.

લડાખમાં દ્રાસમાં માઇનસ 8.6, કારગલિમાં માઇનસ 6.9 અને લેહમાં માઇનસ 4.4 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગે 5 અને 6 જાન્યુઆરીનાં રોજ કાશ્મીરનાં કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ અને બરફવર્ષાની આગાહી સાથે યલો એલર્ટ જાહેર કર્યો છે. આને કારણે મુખ્ય રસ્તાઓ પર હિમશિલા અને ભેખડ ધસવાની સંભાવના હોવાથી પ્રવાસીઓ અને પ્રવાસ આયોજકોને સાવચેત રહેવા સલાહ જારી કરવામાં આવી છે.

# SYDNEY CRICKET TEST

સિડનીમાં બોર્ડર-ગાવસ્કર ટ્રોફી શ્રેણીની પાંચમી અને અંતિમ ક્રિકેટ ટેસ્ટનાં પ્રથમ દિવસે આજે ભારતીય ટીમ માત્ર 185 રન બનાવીને ઓલ આઉટ થઈ ગઈ હતી. કેપ્ટન જસપ્રીત બુમરાહે 22 રન અને જાડેજાએ 26 રન કર્યા હતા. સ્કોટ બોલેન્ડે ઓસ્ટ્રેલિયા વતી ચાર વિકેટ ઝડપી હતી.

રમતના અંતે ઓસ્ટ્રેલિયાએ પ્રથમ ઇનિંગમાં એક વિકેટ ગુમાવી 9 રન કર્યા હતા. હાલમાં ઓસ્ટ્રેલિયા 176 રન પાછળ છે. અગાઉ ભારતે ટોસ જીતીને પ્રથમ બેટિંગ લીધી હતી.

ઓસ્ટ્રેલિયાએ મેલબોર્નમાં રમાયેલી ચોથી ટેસ્ટ મેચમાં ભારતને હરાવી શ્રેણીમાં 2-1ની સરસાઈ મેળવી હતી. પ્રથમ ટેસ્ટ ભારતે જીતી હતી જ્યારે બીજી ટેસ્ટ ઓસ્ટ્રેલિયાએ જીતી હતી. ત્રીજી ટેસ્ટ ડ્રો રહી હતી. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઇનલમાં જગ્યા બનાવવાની આશા જીવંત રાખવા માટે ભારત માટે આ મેચ જીતવી મહત્વપૂર્ણ છે.

# KHO KHO WORLD CUP

ભારતમાં રમાનાર પ્રથમ ખો ખો વિશ્વકપની ટ્રોફી અને પ્રતીકનું આજે નવી દિલ્હીમાં અનાવરણ કરવામાં આવ્યું. 13થી 19 જાન્યુઆરી દરમિયાન રમાનાર આ સ્પર્ધામાં 24 દેશોમાંથી પુરુષોની 21 અને મહિલાઓની 20 ટીમ ભાગ લેશે. પુરુષોની સ્પર્ધાની ટ્રોફી વાદળી રંગની અને મહિલાઓની ટ્રોફી લીલા રંગની છે. ખો ખોની રમતને વૈશ્વિક સ્તરે લઈ જવાના હેતુથી ભારતમાં રમાનાર વિશ્વકપ વધુ મહત્વનો છે.

# KOREA- PRESIDENT ARREST

દક્ષિણ કોરિયાના સત્તાવાળાઓએ સસ્પેન્ડ કરાયેલા રાષ્ટ્રપતિ યુન સુક યેઓલની ધરપકડ અટકાવી દીધી છે. તેમનાં નિવાસસ્થાનની બહાર તૈનાત સલામતી દળો સાથે છ કલાક સુધી અવરોધ સર્જાયા બાદ તેમની ધરપકડ મોકૂફ રાખવામાં આવી હતી. યુનના ટેકેદારો ઘણી મોટી સંખ્યામાં હોવાથી તેમણે અધિકારીઓને યુનની ધરપકડ કરવા અંદર આવતા રોક્યા હતા.

ભ્રષ્ટાચાર વિરોધી એજન્સીએ જણાવ્યું કે, યુનના સમર્થકો ઘણાં દિવસથી રાષ્ટ્રપતિના નિવાસસ્થાન સામે બેઠાં છે. તપાસ સંસ્થા પાસે હવે યૂન સુક યેઓલની ધરપકડ કરવા માટે છ જાન્યુઆરી સુધીનો સમય છે.

દક્ષિણ કોરિયાની એક અદાલતે આ સપ્તાહના પ્રારંભમાં યૂન સામે ધરપરડ વોરન્ટ જારી કર્યું હતું. ડિસેમ્બરનાં પ્રારંભમાં માર્શલ લો લાદવાના કથિત પ્રયાસ કરનાર યુન સામે સત્તાનો દુરુપયોગ કરવાનો આરોપ છે.